જૂલાઈ ૨૦૧૪

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ

તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૧૧
સળંગ અંક : ૭૧
જૂલાઈ ૨૦૧૪

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Printed & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

## આત્મવિશ્વાસ

### સંપાદકીય

બાળમિત્રો,

'આત્મવિશ્વાસ એ સફળતાની ચાવી છે.' આ જાણવા છતાં ઘણી વાર કોઈ કામ કરતી વખતે આપણે મૂંઝાઈ જતા હોઈએ છીએ.

'હવે શું થશે ? થશે કે નહીં ? કામ કેવી રીતે પાર પાડશે ?' આવા અનેક નેગેટિવ વિચારોથી આપણે ઘેરાઈ જતા હોઈએ છીએ. પરિણામે ખરેખર જ એ કામમાં કોઈ ને કોઈ વિઘ્ન આવી જાય અને સફળતા પ્રાપ્ત નથી થઈ શકતી.

આવું કેમ થતું હશે ? કોણ કરાવતું હશે ? આમાંથી નીકળવાનો ઉપાય શું ? આ બધા પ્રશ્નોના ખુલાસા આ અંકમાં મૂકાયા છે.

પરમ પૂજ્ય દાદાશ્રી કાયમ કહેતા કે 'જીવનમાં હંમેશા પોઝિટિવ રહો. નેગેટિવના પક્ષમાં ક્યારેય ન પડો.' આ કથન આત્મવિશ્વાસ વધારવા કઈ રીતે કામ કરે છે ?

તો આવો, આ જાણવા ખાસ આ અંક વાંચીએ અને આત્મવિશ્વાસ કેળવીએ.

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા

૩ જ્ઞાની કહે છે....
૪ જુતનું રહસ્ય
૭ માન્યતાની સાંકળ
૧૧ જીવંત ઉદાહરણો
૧૪ ટોપિક એક્ટિવિટી
૧૬ ઐતિહાસિક ગૌરવગાથાઓ
૧૯ મીઠી યાદેં
૨૦ કિડ્ઝ કેમ્પની ઝલક

# જ્ઞાની કહે છે...

નીરુમા : જેને પોતાની જાત પર વિશ્વાસ છે, તેને આ જગતમાં બધી જ ચીજ મળે એવું છે. વિશ્વાસમાં તો અનંત શક્તિ છે. વિશ્વાસ તૂટ્યો કે ખલાસ ! આ નેગેટિવ બુદ્ધિ આપણો બધો કોન્ફિડન્સ તોડી નાખે છે. બુદ્ધિ બધું દેખાડ દેખાડ કરે, 'આમ કરીશ તો આમ થઈ જશે, આમ કરીશ તો આમ થઈ જશે.' એટલે ડિસિઝન ના લઈ શકે. એટલે પછી કોન્ફિડન્સ ના આવે. આત્મવિશ્વાસ તૂટી જાય એનાથી.

પ્રશ્નકર્તા : આત્મવિશ્વાસ ડેવલપ કેવી રીતે કરવો ?

નીરુમા : તારે પોઝિટિવ અને નેગેટિવ - આ બે વસ્તુને અંદર જુદી પાડવાની. કોઈ પણ કામ કરવાનું હોય, ધારો કે પરીક્ષા આવી હોય તો અંદર થયા કરે વાંચીશ તો યાદ રહેશે કે નહીં રહે ? પેપર સારા લખાશે કે નહીં લખાય ? પાસ થઈશ કે નાપાસ થઈશ ? તે બુદ્ધિ આવું નેગેટિવ બતાવ્યા કરે. જે બુદ્ધિ નેગેટિવ બતાડે એને ગાંઠવાનું નહીં. એને કહેવાનું, "તારી વાતમાં હું જરાય સહમત નથી, ગેટ આઉટ, પાસ થવાશે જ."

બુદ્ધિ સાથે ફાઈટ કરવાની, પોઝિટિવ જ રહેવાનું. તો તારો આત્મવિશ્વાસ બહુ ડેવલપ થશે. અને રિઝલ્ટ પણ સારું આવશે.

પ્રશ્નકર્તા: મારું કોઈ લક્ષ હોય, એમાં હું પોઝિટિવ થિંકિંગ કરવાની કોશિશ કરું છું તો પણ નેગેટિવ જ થઈ જાય છે.

નીરુમા : એકલું નેગેટિવ થયા કરતું હોય તોય આપણે પોઝિટિવ કર કર કરવાનું અને બીજો ઉપાય એ કરવાનો, "હે દાદા ભગવાન, મને પોઝિટિવમાં રહેવાની શક્તિ આપો" એવું દસ વખત, વીસ વખત બોલવાનું. મન જુદું છે અને આપણે જુદા છીએ.

ફરી એ કહે કે 'નહીં થાય તો શું થશે ?' તો ફરી કહી દેવાનું કે 'જો એક નેગેટિવ કર્યું છે ને તો તારે વીસ વખત પોઝિટિવ બોલવું પડશે.' એટલે ધીમે ધીમે પેલું નેગેટિવ બંધ થઈ જશે અને પોઝિટિવ વધતું જશે.

નિયમ કેવો છે કે જેટલા પોઝિટિવ રહેશો એટલું પોઝિટિવ રિઝલ્ટ આવશે અને જેટલા નેગેટિવ રહેશો એટલું નેગેટિવ રિઝલ્ટ આવશે.

**'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવાથી ભય, બીક બધું જતું રહેશે, ખૂબ શક્તિઓ આવશે.**



# જીતનું રહસ્ય

લગભગ સો વર્ષ પહેલાની આ વાત છે. પ્રાચીન જાપાનમાં એક નાનકડું રાજ્ય હતું. એક દિવસ એ રાજ્ય પર પાડોશના રાજ્યએ હુમલો કર્યો. આક્રમણ કરનાર રાજ્ય ખૂબ જ શક્તિશાળી હતું. એ રાજ્ય પાસે આ નાનકડા રાજ્ય કરતા દસ ગણા વધુ સિપાહીઓ અને વધું આધુનિક યુધ્ધની સામગ્રી હતી.



પરિસ્થિતિનું અવલોકન કરીને સેનાપતિ ગભરાયો. એને લાગ્યું કે હાર નિશ્ચિત છે. જીતવાનો કોઈ જ અવકાશ ના દેખાતા એણે રાજા સમક્ષ યુધ્ધ પર જવાનો ઈનકાર કર્યો. રાજાને સેનાપતિની વાત ઉચીત લાગી. પણ તેમ છતાંય તેમનું મન હારતા પહેલાં જ હાર સ્વીકારી નહોતું શકતું. આખી રાત રાજા બેચેન રહ્યા. સવાર પડતાં એમણે પોતાની મૂંઝવણ વજીર સામે રજુ કરી.

વજીર પાસે રાજાની મૂંઝવણનો કોઈ ઉપાય ન હતો પણ એમણે રાજાને કહ્યું, 'હું એક ફકીરને જાણું છું. જેમની પાસે બધી જ મુશ્કેલીઓનો ઉપાય હોય છે. ચાલો, આપણે એમની પાસે જઈએ.'

ફકીરે રાજાની મૂંઝવણ સાંભળી. જાણે સમસ્યાનો ઉકેલ મળી ગયો હોય તેમ એ મલકાયો અને બોલ્યો, 'જે પ્રયત્ન કરતા પહેલા જ હાર માની લે, તે વ્યક્તિને જીતવાની કોઈ સંભાવના જ નથી. સેનાપતિની જગ્યાએ સેનાને લઈને હું જઈશ.''

આ સાંભળી રાજાને વધુ ડર લાગ્યો. એમને મનમાં થયું, 'સેનાપતિ તો અનુભવી છે. છતાંય એણે હાર માની લીધી છે અને આ ફકીર તો તલવાર પકડવાનું પણ જાણતા નથી. હવે શું થશે?'

જાણે રાજાનો ડર ફકીરે કળી લીધો હોય એમ એ બોલ્યા, ''રાજાજી, આપ બિલકુલ ફિકર કરશો નહીં. આઠ-દસ દિવસમાં તો હું આપની સેના સાથે જીતીને પાછો ફરીશ.''

ફકીરનો આત્મવિશ્વાસ જોઈને રાજાને ખૂબ હિંમત આવી અને એમણે સેનાને ફકીર સાથે મોકલી.

ફકીર તો સેનાને લઈને રવાના થયો પણ ફકીરની આગેવાની હેઠળ, સૈનિકોના હાથ-પગ ધ્રુજી રહ્યા હતા. જે યુધ્ધની

આગેવાની કરવા માટે અનુભવી સેનાપતિ તૈયાર નહોતા, તે આ બિનઅનુભવી ફકીર શી રીતે કરશે?

એક પણ સૈનિકને ફકીર પર વિશ્વાસ નહોતો. પણ ફકીરના વલણમાં આત્મવિશ્વાસ છલકાતો હતો. એ બેફીકર થઈને ગીત ગાતો ગાતો ચાલી રહ્યો હતો.

ચાલતા ચાલતા એ એની સેનાને લઈને નદીના એક તટ પર આવી પહોચ્યો. તટને પેલે પાર દુશમનોએ ડેરો જમાવ્યો હતો. આગળ વધતાં પહેલાં ફકીરે સૈનિકોને નદી કિનારે એક મંદીર પાસે ઊભા રાખ્યા અને કહ્યું, 'થોડી વાર થોભો, હું મંદીરના દેવતાને પૂછી આવું કે આપણે યુધ્ધમાં જીતીશું કે હારીશું ? હું જ્યારે કોઈ પણ મુશ્કેલીમાં હોંઉ ત્યારે આ મંદિરના દેવ પાસેથી જ મારી મુશ્કેલીનો ઉપાય મેળવું છું.'

આ સાંભળી સૈનિકોને આશ્ચર્ય થયું, ''પણ દેવતા સાથે આપ વાતચીત કેવી રીતે કરશો ? દેવતાનો જવાબ કેવી રીતે મેળવશો ?''

ફકીર બોલ્યો, ''એનો ઉપાય છે.'' કહી એણે ખિસ્સામાંથી એક ચળકતો સિક્કો કાઢયો અને મોટેથી બોલ્યો, ''હે પ્રભુ, આપના આશીર્વાદ જો અમારી સાથે હોય અને જીતવાના હોઈએ તો સિક્કો સીધો પડજો અને જો હારવાના હોઈએ તો ઊંધો.''

એમ કહી ફકીરે હવામાં સિક્કો ઉછાળ્યો. બધા સૈનિકોની નજર સિક્કા પર મંડાઈ. સૂર્યના કિરણોમાં ઉછળતા સિક્કાને જોઈ સહુના મન ઊંચા થઈ ગયા. થોડી ક્ષણો માટે સહુનો જાણે શ્વાસ પણ રોકાઈ ગયો હતો ! બધા એકીટસે સિક્કા પર નજર માંડીને ઊભા હતા.

''બધા સૈનિકોની નજર સિક્કા પર મંડાઈ. સૂર્યના કિરણોમાં ઉછળતા સિક્કાને જોઈ સહુના મન ઊંચા થઈ ગયા. થોડી ક્ષણો માટે સહુનો જાણે શ્વાસ પણ રોકાઈ ગયો હતો !''



સિક્કો સીધો પડયો. અને ફકીરે જાહેર કર્યું, "હવે આપણી જીત નિશ્ચિત છે."

આ બનાવથી સૈનિકોને હિંમત આવી ગઈ. અને એમના પ્રાણોમાં પણ એક નવો જ ઉમંગ અને જોશ આવી ગયો. ઉત્સાહ અને આત્મવિશ્વાસથી સહુ યુદ્ધના મેદાનમાં કુદી પડયા. દસ દિવસ પછી સહુ જંગ જીતીને પાછા ફર્યા.

પાછા વળતી વખતે તેઓ ફરી મંદીર પાસેથી પસાર થયા ત્યારે સૈનિકોએ ફકીરને કહ્યું, "તમે કદાચ ભુલી ગયા છો પણ તમારે મંદીરના દેવતાનો આભાર માનવો જોઈએ."



ફકીર હસવા લાગ્યો, "ના ભાઈ ના, દેવતાનો આભાર માનવાની કોઈ જરૂર નથી."

આ સાંભળી સૈનિકોને નવાઈ લાગી. 'જે દેવતાએ આપણને જીતનો સંદેશ આપ્યો તેમનો આભાર...'

સૈનિકની વાત વચ્ચેથી કાપતા ફકીર બોલ્યો, "આભાર માનવો જ હોય તમારે તો મારો માનો. આ જીતમાં દેવતાનો કોઈ હાથ નથી. ખિસ્સામાંથી સિક્કો કાઢી,સેના સામે ધરીને એ બોલ્યો, "જૂઓ, સિક્કો તો બેઉ બાજુ સીધો જ હતો."

ફકીરના આ ઉઘાડથી સેનામાં ખળભળાટ મચી ગયો. બધા અંદરોઅંદર ગુસપુસ કરવા લાગ્યા.

એક સૈનિકે ફકીર પાસે ખુલાસો માંગતા પૂછયું, "આ જીત દેવતાના આશીર્વાદને આધારે નહોતી તો અમારી આ નબળી સેના કયા આધારે જીત પામી?"

થોડી ક્ષણો માટે ફકીરે સિક્કા સામે એકીટસે જોયા રાખ્યું અને પછી બોલ્યો, "તમારા પોતાના જ આત્મવિશ્વાસના બળના આધારે. તમારી અંદર આત્મવિશ્વાસ પેદા કરવા માટે મેં આ દેવતાના આશીર્વાદનો આધાર લીધો. એ આશીર્વાદના આધારે તમારી અંદરના નકારાત્મક પરિબળો તૂટી ગયા અને તમારો આત્મવિશ્વાસ જાગ્યો. અને નિયમ જ છે કે અંદર જો નિર્બળતા અને નકારાત્મક વલણ હોય તો પરિણામ પણ એવું નકારાત્મક જ આવે."

આત્મવિશ્વાસના બળની ઓળખાણ કરાવનાર ફકીરને સહુ સૈનિકો નમી પડ્યા. ત્યાર બાદ એ રાજ્યમાં જયારે કોઈ પણ બાળકમાં આત્મવિશ્વાસની ઉણપ લાગે તો વાલીઓ અને શિક્ષકો એમને ફકીર દ્વારા મેળવેલી "આત્મવિશ્વાસથી જીત" નો કિસ્સો સંભળાવી પ્રોત્સાહિત કરતા.

# માન્યતાની સાંકળ



દીદી અને નિકિતાની ઉત્સુકતાનો પાર ના હતો.... પોતાના નાના ભાઈ પારસ કરતા એ લોકો વધુ અધિરાઈથી ન્યુઝ પેપરની રાહ જોઈ રહ્યા હતા.... ત્યાં તો ડોરબેલ વાગી.....
પારસ, પહેલા તું મને પાર્ટી આપવાનું પ્રોમિસ કર. પછી જ હું ન્યુઝ પેપર ખોલીશ.... બોલ આપીશને ?
નિકિતા, હું તને પાર્ટી આપીશ. પહેલા તું ન્યુઝ પેપર ખોલ.
સસ્પેન્સ ક્રિએટ કરવા નિકિતા ધીરે ધીરે ન્યુઝ પેપરના પાના ફેરવતી હતી.
અને આ રહ્યું...એન્યુઅલ યુથ આર્ટીસ્ટ કોન્ટેસ્ટ વિનર્સ !!....
ગ્રાન્ડ પ્રાઈઝ વિનરનું નામ જોઈને નિકિતા ચમકી...
વ્હોટ ! આ ડ્રોઈંગ તો પારસનું નથી. પણ પારસનું ડ્રોઈંગ તો આના કરતા ચડીયાતું હતું !


નિકિતા પાનાં ફેરવતી ગઈ પણ પારસનું નામ ક્યાંય નહોતું.
જજીસથી ચોક્કસ કંઈ ભૂલ થઈ ગઈ છે. આવું કેવી રીતે શક્ય બને કે પારસના ડ્રોઈંગને એકેય પ્રોઈઝ ના મળે ?
દીદી પારસને કંઈ કહેવા જાય એ પહેલા જ પારસ ત્યાંથી ઊભો થઈને પોતાની રૂમમાં ચાલ્યો ગયો.
કબાટમાં સૌથી ઉપરના ખાનામાંથી સરસ રીતે વાળેલું કાર્ડ બોર્ડ પેપર કાઢ્યું અને બે મિનિટ સુધી પોતાના ડ્રોઈંગને જોતો જ રહ્યો.
તેની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા.
જે ડ્રોઈંગ મેં મોકલ્યું જ ન્હોતું એને જીતવાનો કે હારવાનો ચાન્સ જ ક્યાં હતો ?
ત્યાં તો દીદી પારસના રૂમમાં આવી. પલંગ પર ડ્રોઈંગ જોઈને દીદી બધું સમજી ગઈ. પારસ, દીદી પાસે દોડીને ગયો અને એના ખોળામાં માથું મૂકી દીધું.
દીદી મને મારા ડ્રોઈંગ પર બિલકુલ કોન્ફિડંસ ન્હોતો. "જજીસને મારું ડ્રોઈંગ નહીં ગમે તો ? લાસ્ટ ટાઈમની જેમ હું હારી જઈશ તો ?" એવા બધા વિચારોથી મેં ડ્રોઈંગ મોકલ્યું જ નહીં.


દીદીએ પ્રેમથી પારસના માથા પર હાથ ફેરવ્યો અને ફરી એક નજર પારસના ડ્રોઈંગ પર નાખી ! પારસના ડ્રોઈંગમાં હાથીનું સ્કેચ જોઈને દીદીને કંઈક યાદ આવ્યું.
પારસ, ચાલ તને હાથીઓની એક મજેદાર વાત કહું. સાઉથ-ઈસ્ટ એશિયામાં હાથીઓને 'વર્ક-એનીમલ્સ' તરીકે ટ્રેઈન કરવામાં આવે અને મશીનોનું કામ એમની પાસે કરાવે.
જ્યારે આ હાથીઓ કામ ના કરતા હોય, ત્યારે તેમને એક નાનકડી સાંકળ વડે બાંધી દે. સાઉથ-એશિયાની ટૂરમાં હાથીઓને આટલી નાનકડી સાંકળથી બંધાયેલા જોઈ મને બહુ નવાઈ લાગી.
મેં એના ટ્રેનરને પૂછ્યું કે હાથીઓ આટલી નાની સાંકળ સહેલાઈથી તોડીને ભાગી ના શકે ?..... તો ટ્રેનરે મને ના પાડી. મને નવાઈ લાગી. પછી, ટ્રેનરે મને સમજણ પાડી.
હાથીઓ દ્રઢપણે એવું માને છે કે તેઓ સાંકળ તોડવા માટે સમર્થ નથી. નાનપણમાં તેમને આવી જ સાંકળ જોડે બાંધવામાં આવે. ત્યારે તેઓ આ સાંકળ તોડવા માટે કલાકો સુધી મહેનત કરે. આખરે, તેઓ થાકીને કાયમ માટે હાર સ્વીકારી લે.


આપણે પણ આવી 'માન્યતાઓ'ની સાંકળો પહેરી રાખતા હોઈએ છે. એવી સાંકળો જે આપણે આપણા આત્મવિશ્વાસના બળથી ગમે ત્યારે તોડીને ભાગી શકીએ.
દીદીની વાતથી પારસને હિંમત આવી. એને એનું ડ્રોઈંગ સાચવીને વાળ્યું અને કબાટમાં મૂક્યું.
શાબાશ પારસ, આઈ એમ પ્રાઉડ ઓફ યુ ! તો પછી સાંજે, 'સાંકળ બ્રેકીંગ પાર્ટી' હો જાયે !
દીદી, આવતી વખતે, હાર-જીતની ફિકર કર્યા વગર હું ચોક્કસ મારું ડ્રોઈંગ, કોન્ટેસ્ટમાં સબમિટ કરીશ...
અને સાંજે દીદી, નિકિતા અને પારસે સાથે મળીને એમની ફેવરીટ રેસ્ટોરંટમાં ઊજવણી કરી ! જોયું બાળ - મિત્રો, આપણી જ નેગેટિવિટી અને હાર-જીતની ફિકર આપણો કોન્ફિડંસ તોડી નાખે અને આપણી પ્રગતિમાં બાધકરૂપ બની જાય. હાર-જીતની ફિકર કર્યા વગર કોન્ફિડંટ રહીને કોઈ પણ કાર્ય કરીએ, તો સફળતા પ્રાપ્ત થાય જ !

# જીવંત ઉદાહરણો

ઈતિહાસમાં પણ આત્મવિશ્વાસના આધારે મળેલી સફળતાના ઘણા બધા પુરાવાઓ છે. એવી ઘણી મહાન વ્યક્તિઓ થઈ ગઈ, જેમણે કપરા સંજોગો અને નેગેટિવિટીમાં પોતાના આત્મવિશ્વાસને ટકાવી રાખ્યા અને સફળતા મેળવી. તો ચાલો મિત્રો, આપણે અમુક એવી વ્યક્તિઓના જીવન પર દૃષ્ટિ નાખીએ.....



## મનુ સુબેદાર

એક યુવાન વિદ્યાર્થી ગુમસુમ બેઠો હતો. ત્રીજી વાર એને એક નોટિસમાં જણાવ્યા મુજબ જો તે વિદ્યાર્થી બે દિવસમાં ફી ન ભરે તો તેને કાઢી નાખવામાં આવશે.

એક મિત્રએ પૂછ્યું, "હવે શું કરીશ? શું તું કોલેજ છોડી દઈશ?"

પેલા વિદ્યાર્થીએ કહ્યું, "મારે કોઈ પાસે પૈસા માંગવા નથી, અભ્યાસ પણ છોડવો નથી. અર્થશાસ્ત્રી બનવાની મારી મહત્વકાંશા છે એ, હું પૂરી કરીશ."

બીજે દિવસે અગિયાર વાગે યુવક પ્રિન્સિપાલને મળવા ગયો. પોતાની મુશ્કેલી જણાવી અને ફી ભરવા વધુ મુદ્દત માંગી.

પ્રિન્સિપાલ સાહેબે કહ્યું, "ભાઈ, તને ત્રીજી વાર નોટિસ મળી છે, હવે તને મુદ્દત નહી મળે."

વિદ્યાર્થીએ કહ્યું, "સાહેબ વધારે નહીં મને માત્ર પંદર દિવસની મુદ્દત આપો. આજે ચાર તારીખ છે, હું ઓગણીસ તારીખે ફીની રકમ અચુક ભરી દઈશ."

પ્રિન્સિપાલને નવાઈ લાગી, "પણ કેવી રીતે?"

વિદ્યાર્થીએ ખુમારીથી કહ્યું, "સાહેબ, મેં નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો છે. મને પૂરો વિશ્વાસ છે કે સ્પર્ધામાં મારો જ પહેલો નંબર આવશે અને મને ઈનામમાં જે રકમ મળશે એ હું ફી પેટે જમા કરી દઈશ."

પ્રિન્સિપાલ સાહેબે કહ્યું, "ભાઈ, તને જ ઈનામ મળે એ જરૂરી નથી."

પણ વિદ્યાર્થીએ પ્રિન્સિપાલને ખૂબ વિનંતી કરી. વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ જોઈને પ્રિન્સિપાલે કહ્યું, "ઠીક છે. કાયદા પ્રમાણે મુદ્દત મળે નહીં પણ તારા આત્મવિશ્વાસની કસોટી કરવા ખાતર હું તને મુદ્દત આપીશ." અને નિબંધ સ્પર્ધામાં પહેલું ઈનામ તે વિદ્યાર્થી જ જીત્યો.

તે તેજસ્વી વિદ્યાર્થીનું નામ સ્વ. મનુ સુબેદાર, જેઓ મોટા થઈને બેરિસ્ટર બન્યા અને ઈકોનોમિક્સમાં ડીગ્રી મેળવી.

તો મિત્રો હવે તમે શું કરશો? ક્યારેય પણ થાકી-હારીને બેસી જશો કે પછી લગન અને આત્મવિશ્વાસથી પોતાના ધ્યેયને પહોચી વળશો?



# માઈકલ એન્જેલો



ઈટાલીયન શિલ્પકાર, ઓગસ્ટીનો ડી એન્ટેનીઓએ એક મોટા સંગેમરમરના પથ્થર પર કામ શરૂ કર્યું. ઘણા પ્રયત્નો કર્યા પછી પણ તે પોતાની રચનાને કોઈ રૂપ આપી ન શક્યા. એટલે એણે એવો નિષ્કર્ષ કાઢ્યો કે સંગેમરમરના પત્થરથી કોઈ પણ શિલ્પ બનાવવું અશક્ય છે.




ત્યાર બાદ બીજા ઘણા શિલ્પકારોએ પણ સંગેમરમરની કૃતિઓ રચવાનો પ્રયાસ કર્યો પણ સહુ નિષ્ફળ નિવડ્યા અને તેમણે કાયમ માટે હાર માની લીધી.

પણ માઈકલ એન્જેલોએ સંગેમરમરમાં અપાર સંભાવના અને સામર્થ્ય જોયું. જ્યારે એમણે સંગેમરમરની કુખ્યાતિની વાતો સાંભળી ત્યારે એમણે કહ્યું, "હું આ પત્થરમાંથી શિલ્પ બનાવી શકીશ." અને ખરેખર માઈકલ એન્જેલોએ એ કરી બતાવ્યું.


પાચંસો વર્ષ પહેલા સંગેમરમરના પત્થરમાંથી એમણે એવી બેજોડ શિલ્પ રચનાઓ બનાવી, જેને જોઈને આજે પણ લોકો આશ્ચર્ય ચકિત થઈ જાય છે.

# ઓરવીલ અને વિલ્બર રાઈટ બંધુઓ



ઓરવીલ અને વિલ્બર રાઈટ બંધુઓની સફળતાની વાત પણ આત્મવિશ્વાસથી છલકાતી છે. વિમાન બનાવવાના એમના ધ્યેયની મજાક ઊડાવતા એમના દોસ્તો અને પત્રકારો કહેતા કે "આ વિમાન નહીં પણ પૈસા ઊડાવવાનો મુર્ખ વિચાર છે. ઊડવાનું ફક્ત પક્ષીઓ માટે છોડી દો."

આના ઉત્તરમાં રાઈટ બંધુઓએ સહુને કહ્યું, "માફ કરજો, પણ આ અમારું સ્વપ્ન છે અને અમે એને હકીકતમાં બદલીને દેખાડીશું." અને પરિણામ રૂપે, ડીસેમ્બર ૧૭, ૧૯૦૩ના દિવસે રાઈટ બંધુઓએ દુનિયામાં સૌથી પહેલું સફળ એર પ્લેન રજુ કર્યું અને ઉત્તર કેલીફોર્નિયાના એક નાનકડા સમુદ્ર તટ પર સેંકડોની હાજરીમાં એ વિમાન ઊડાવ્યું.



## બેથની હેમિલ્ટન



ત્રેવીસ વર્ષની નાની વયે, બેથની હેમિલ્ટન આજે લાખો લોકો માટે પ્રેરણારૂપ બની ગઈ છે. બેથનીનો જન્મ અમેરિકાના એક હવાઈ ટાપુ પર થયેલો. નાનપણથી જ એને સરફિંગ(દરિયામાં સર્ફ બોર્ડ પર સવારી કરવાની રમત) કરવાનો ખૂબ શોખ હતો. આઠ વર્ષની ઉંમરે એણે પહેલી સર્ફિંગ કોમ્પિટીશન જીતી હતી.

ઓક્ટોબર ૩૧, ૨૦૦૩ની રાત્રે બેથની એની બહેનપણી સાથે દરિયામાં સર્ફિંગ કરતી હતી. અચાનક એક ચૌદ ફુટ મોટી ટાઈગર શાર્કે બેથની પર જીવલેણ હુમલો કર્યો. તે વખતે એની ઉંમર માત્ર તેર વર્ષની હતી. હુમલાના કારણે બેથનીનો ડાબો હાથ કપાઈ ગયો અને એના શરીરમાંથી લગભગ ૬૦ ટકા જેટલું લોહી વહી ગયું હતું. તેમ છતાંય પોતાની અડગ શ્રદ્ધા અને પોઝિટિવ વલણના કારણે આવી કપરી કસોટીમાંથી પણ એ સ્વસ્થતાથી બહાર નીકળી શકી.



ડાબા હાથ વગર, એક જ હાથ વડે સર્ફિંગ કરવું હવે લગભગ અશક્ય હતું પણ એણે હાર ન માની. 'પ્રોફેશનલ સર્ફર' બનવાનો એનો ધ્યેય હતો અને એ ધ્યેય સુધી પહોંચી વળવા એણે પૂરા આત્મવિશ્વાસ સાથે ફરી સર્ફિંગમાં ઝંપલાવ્યું.

હુમલાના ત્રણ જ મહિના પછી જાન્યુઆરી ૨૦૦૪માં એણે પ્રોફેશનલ કોમ્પિટિશનમાં ભાગ લીધો અને પાંચમું સ્થાન મેળવ્યું. જાન્યુઆરી ૨૦૦૫ માં એણે નેશનલ ચેમ્પિયનશિપમાં પહેલું સ્થાન મેળવ્યું. આ કોમ્પિટિશનમાં એણે જજીસ પાસેથી કોઈ પણ જાતની છૂટછાટ કે સવલત મેળવી ન હતી. અને આમ ગજબના આત્મવિશ્વાસ અને દ્રઢ નિશ્ચયથી એણે અકસ્માત પર પણ વિજય મેળવી લીધો.

## મેડમ ક્યુરી



મેડમ ક્યુરી જ્યારે રેડીયમની સાયન્ટિફિક રીસર્ચ કરી રહ્યા હતા, ત્યારે મોટા મોટા વૈજ્ઞાનિકોએ એમને નાસીપાસ કરતા કહ્યું કે "ભૂલી જા. રેડીયમ જેવું કોઈ તત્ત્વ હોય જ ના શકે." પણ મેડમ ક્યુરીએ એ બધા વૈજ્ઞાનિકોને કહ્યું કે "મને મારી જાત પર પૂરો વિશ્વાસ છે." અને એમણે રેડીયમ નામનું તત્ત્વ શોધી બતાવ્યું. તેઓ નોબલ પ્રાઈઝ જીતનાર પહેલા મહિલા બન્યા. એટલું જ નહીં, એમણે પોતાના કામ માટે એક નહીં પણ બે-બે નોબલ પ્રાઈઝીસ મેળવ્યા.



# ટૉપિક એક્ટિવિટી

**આ અંકમાં આપણે શિખ્યા કે આત્મવિશ્વાસ ડેવલપ કરવા માટે નેગેટિવ વિચારોમાં સહમત નહીં થવાનું અને પોઝિટિવ જ રહેવાનું.**

**નીચે આપેલા પ્રસંગોમાં શોધી કાઢો કે હિતાર્થે ક્યારે ક્યારે નેગેટિવ વિચારો સાથે સહમત થઈને પોતાનો આત્મવિશ્વાસ તોડી નાંખ્યો. હિતાર્થના દરેક વિચારને એ,બી,સી,ડી ...લેબલ કરવામાં આવ્યા છે. આ બધા જ વિચારોમાંથી આત્મવિશ્વાસને તોડનારા નેગેટિવ વિચારો શોધો અને ટેબલમાં લખો. નેગેટિવ વિચારો સામે આત્મવિશ્વાસ ડેવલપ કરવા માટે હિતાર્થને પોઝિટિવ વિચારો સૂચવો.**

“મને તો આ જવાબ આવડે છે.” બ્લેકબૉર્ડ પર ટીચરે લખેલો વ્યાકરણનો પ્રશ્ન જોઈ હિતાર્થે વિચાર્યું. (એ)

હિતાર્થ પોતાનો હાથ ઊંચો કરવા જતો જ હતો, ત્યાં તો અંદરથી જ એક નાનકડો અવાજ આવ્યો, “ના બોલીશ, ખોટો પડશે તો? બધા હસશે તો?” (બી)

અને જવાબ ખબર હોવા છતાંય હિતાર્થ હંમેશની જેમ ચુપ રહ્યો. રીસેસ પડી એટલે બધા છોકરાઓ મેદાનમાં બોલ રમવા દોડ્યા. છોકરાઓને મસ્તી કરતા જોઈ હિતાર્થને થયું, “હું પણ બધા સાથે જોડાઈ જાઉં.” (સી)

પણ પાછો એને વિચાર આવ્યો કે ‘મને ક્યાં એમના જેવું સરસ રમતા આવડે છે? હું એમની ગેમ બગાડી નાખીશ તો?’ એમ વિચારી એ પોતાનો લંચ બોક્સ લઈને એક ખૂણામાં બેસી રહ્યો અને દૂરથી જ બધાને નિહાળતો રહ્યો. (ડી)

રીસેસ પછીના ક્લાસમાં ટીચરે નિબંધ કોમ્પિટિશનની જાહેરાત કરી. હિતાર્થને લખવાનો ખૂબ શોખ હતો. પણ એને થયું, ‘લખી તો હું લઈશ, પણ સ્ટેજ પર નિબંધ બોલતા તો મને નહીં ફાવે. હું ભૂલી જાઉં તો? મારે નથી લેવો ભાગ.’ એમ વિચારીને એણે કોમ્પિટિશનમાં ભાગ લેવાનું માંડી વાળ્યું. (ઈ)

સાંજે મમ્મીએ હિતાર્થને નજીકની દુકાનેથી આઈસક્રીમ અને નાસ્તો લાવવા કહ્યું. વિલાયતથી એમના ઘરે મહેમાન આવવાના હતા. ‘સાયકલ પર જઈને લઈ આવીશ તો ફટાફટ આવી જવાશે.’ એમ વિચારી એણે સાઈકલની ચાવી હાથમાં લીધી.

પણ પછી એને ગયા વખતે સાઈકલ પરથી કેવો પડી ગયો હતો એ યાદ આવ્યું અને એની હિંમત તૂટી ગઈ. ‘ફરી પડી જઈશ તો?’ એમ વિચારી એણે સાઈકલની ચાવી મૂકી દીધી અને વસ્તુઓ લેવા ચાલતો જ ગયો (જી)

જવાબ: આમાં કોઈ સાચા કે ખોટા જવાબ નથી. નીચે આપેલા જવાબ ફક્ત સૂચનો છે.

બી- ગભરવાથી શું ફાયદો ? ગભરાયા વિના જવાબ આપ. ખોટો પડશે તો પણ શું વાંધો છે ? બધા હસશે તો એટલો વખત એમને ગમ્મત કરવા મળશે.

ડી- બધા સાથે હળી-મળીને રમીશ તો જ તને ગેમ આવડશે અને મજા પણ આવશે. એકવાર રમી તો જો.

ઈ- નિબંધ બોલવાની ખૂબ પ્રેક્ટિસ કરજે અને ભગવાન પાસે બોલવાની શક્તિ માંગજે. અંદર સ્થિરતા અને કોન્ફિડન્સથી બોલીશ તો બહાર પરિણામ પણ સારું આવશે.

જી - એમ કરતાં જ શીખાય. ગભરાઈને છોડી જ દઈશ તો ક્યારેય સાયકલ નહીં ચલાવી શકે.

| નેગેટિવ વિચાર નંબર | આત્મવિશ્વાસ ડેવલપ કરવા માટે તમે હિતાર્થને શું સૂચવશો ? |
|---|---|
| | |
| | |
| | |
| | |

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ઈંદોરના મહારાજા મલ્હારરાવ હોળકરનો મુકામ ઔરંગાબાદ જિલ્લાના ચૌડી નામે ગામમાં હતો. ત્યાં એમણે એક ગરીબ ખેડૂત કન્યાને મંદિરમાં ભક્તિભાવ પૂર્વક ભગવાનની પૂજા કરતા જોઈ. એમણે એને પોતાની પુત્રવધૂ તરીકે પસંદ કરી. એ ખેડૂત કન્યા તે અહલ્યાબાઈ. અહલ્યાબાઈનો જન્મ ઈ.સ. ૧૭૨૫માં થયો હતો. તેના પિતાનું નામ માણેકજી શિંદે. માણેકજીએ અહલ્યાબાઈને ધર્મ કર્મની સારી કેળવણી આપી હતી. પરણીને સાસરે આવ્યા પછી પોતાની બુદ્ધિશક્તિથી ને સેવાચાકરીથી અહલ્યાબાઈએ સૌના મન જીતી લીધાં. મલ્હારરાવ એને પોતાની સાથે દેશદેશાવર પણ લઈ જતા, યુદ્ધ ક્ષેત્રમાં પણ લઈ જતા અને રાજકાજની પણ તાલીમ આપતા.

એક યુદ્ધમાં અહલ્યાબાઈના પતિ ખાંડેરાવનું મૃત્યુ થયું. વૃદ્ધ મલ્હારરાવ ભાંગી પડ્યા. એમણે અહલ્યાબાઈને કહ્યું. 'હવે તો તું જ મારો દીકરો ! તું મારો રાજ્ય કારભાર સંભાળ!'

અહલ્યાબાઈએ રાજવહીવટ પોતાના હાથમાં લીધો. એમણે રાજ ખજાના પર તુલસીપત્ર મૂકી જાહેર કર્યું કે આ ધન અને રાજ્ય ભગવાન શંકરનું છે અને ભગવાન શંકર વતી મારે પ્રજાહિતનું મારું કર્તવ્ય બજાવવાનું છે. રાજ્યના હુકમો પર તેઓ 'શ્રી શંકર' એવી સહી કરતાં.



તેઓ સૂર્યોદયથી એક કલાક વહેલાં ઊઠતાં. પૂજાપાઠ પતાવી ધાર્મિક વાંચન કરતાં, પછી દાનધર્મ કરતાં. આખો દિવસ તેઓ સખત પરિશ્રમ કરતાં. પાંચ પાંચ કલાક દરબારમાં બેસતા. વાળુમાં માત્ર ફળાહાર કરતાં ને મધરાત લગી કામ કરતાં. તેઓ કહેતાં, 'મારું કામ પ્રજાને સુખી કરવાનું છે. રાજ્યના પ્રત્યેક કાર્ય માટે મારે પ્રભુને જવાબ આપવાનો છે.'

થોડાં વરસ પછી મલ્હારરાવનું પણ મરણ થયું. ગંગાધર કરીને રાજ્યનો દીવાન હતો. તેણે અહલ્યાબાઈને સલાહ આપી કે કોઈને દત્તક લઈ લો ને રાજકાજનો ભાર મારે માથે નાખી તમે પ્રભુભજન કરો!

પ્રભુભજન કરવાની વાત અહલ્યાબાઈને મંજૂર હતી, પણ ભગવાને પ્રજાપાલનના કર્તવ્યનો જે ભાર પોતાના શિરે નાંખ્યો હતો તેમાંથી છટકવાની વૃતિ નહોતી. વળી આવી સલાહ પાછળનો હેતુ તેઓ કળી ગયા હતા. એમણે ગંગાધરની સલાહ માની નહીં. ગંગાધર વીફર્યો. તેણે પેશવાના કાકા રાઘોબાના કાન ભંભેર્યા, હોળકરની તિજોરી ધનથી ઊભરાય છે. બાઈમાણસને ડરાવી, એ હાથ કરી લો!

રાઘોબાએ અહલ્યાબાઈ પાસે ધનની માંગણી કરી. અહલ્યાબાઈએ જવાબમાં લખ્યું, 'એ ધન દેવ-બ્રાહ્મણોનું છે, તમે બ્રાહ્મણ તરીકે માંગતા હો તો આપું!'

રાઘોબાને ગુસ્સો ચડ્યો, 'શું હું ભિખારી બ્રાહ્મણ છું! હું મારાં બાવડાનાં જોરે એ ધન લઈશ.'

એ ફોજ લઈને ચડી આવ્યો. એની સામે અહલ્યાબાઈએ સ્ત્રીઓની ફોજ ઊભી કરી. પોતે ઘોડેસવાર થઈ મોખરે ઊભા રહ્યા. એણે રાઘોબાનો કહેડાવ્યું, 'પુરુષોની સામે લડતાં હું હારી જઈશ તો



મારી કંઈ આબરૂ જવાની નથી પણ સ્ત્રીની સામે લડતાં તમે હાર્યા તો ક્યાંયના નહીં રહો ! અને નોંધી રાખજો કે એ જ થવાનું છે.' ભગવાન શંકરની વતી કામકાજ કરનારમાં ભગવાન શંકરનું તેજ કેમ ન હોય ?

રાજ્યમાં ચોર ડાકુઓનો ત્રાસ હતો. અહલ્યાબાઈએ જોઈ લીધું હતું કે બધાં પાપોનું મૂળ ભૂખ છે. તેથી એમણે લોકોને ખેતી અને બીજા કામધંધામાં લગાડ્યા. જંગલમાં વટેમાર્ગુઓને લૂંટતા ભીલોના માથે તેમણે વટેમાર્ગુઓના રક્ષણનો ભાર નાંખ્યો. આમ ભીલોને કામ મળ્યું. રાજ્યનો ખજાનો તેણે પ્રજાના ભલા માટે જ વાપર્યો. પોતાના અંગત સુખની એમણે કદી ચિંતા કરી જ નથી.

સંસારની જવાબદારી ખંખેરી કાઢી સાધુ થઈ જવું પ્રમાણમાં સહેલું છે, પણ સંસારમાં ખાસડાં ખાતા રહી પ્રભુ ભજન કરવું અને જન હિતનું કામ કરવું અઘરું છે. તેમાંયે રાજકાજ ચલાવવું એ અઘરામાં અઘરું છે. કોઈ જનકવિદેહી જ એમાં સફળ થઈ શકે. અહલ્યાબાઈને એ સફળતા વરી હતી. એ પરથી એમની દિવ્ય સાધુતાનો ખ્યાલ આવે છે.

એકવાર બે વિધવાઓએ અહલ્યાબાઈને કહ્યું, 'અમારી પાસે પુષ્કળ ધન છે અને ખાનારું કોઈ નથી. અમે એ બધું ધન તમને આપીએ છીએ. તમે એનો સ્વીકાર કરો!'

અહલ્યાબાઈએ કહ્યું, તમારા સગાંના કલ્યાણ અર્થે તમે જ એ દાનધર્મમાં વાપરો. ખરું જોતાં, નાવારસ મિલકત પર પરંપરાગત રાજ્યનો હક હતો, છતાં એમણે એ મિલકત લીધી નહીં.

એક દિવસ એક કવિએ એક ગ્રંથ લખ્યો. એમાં એણે અહલ્યાબાઈનાં પુષ્કળ વખાણ કર્યાં. રાજ્યકર્તાના આવી રીતે વખાણ કરવાનો રિવાજ હતો. ઈનામની આશાએ કવિ આ ગ્રંથ લઈને અહલ્યાબાઈ પાસે ગયો અને એમને એ વાંચી સંભળાવવા લાગ્યો. કવિએ થોડી લીટીઓ વાંચી ત્યાં અહલ્યાબાઈએ કહ્યું, 'ગ્રંથમાં બીજું કંઈ લખેલું છે ખરું ?'

કવિએ ગર્વથી કહ્યું, 'માતા, આખી પોથી આપનાં ગુણગાનથી ભરેલી છે.' આમ કહી કવિ આગળ વાંચવા જતા હતા ત્યાં અહલ્યાબાઈએ કહ્યું, 'ઊભા રહો, પોથી અહીં મૂકી દો.!'

કવિ પોથી મૂકીને ઊભા થયા કે અહલ્યાબાઈએ કહ્યું, 'મારે બદલે તમે ભગવાનના ગુણ ગાયા હોય તો તમારી કલમ ને તમારો જનમ બેઉ સાર્થક થઈ જાત !' આટલું કહી તેમણે કવિને ઈનામ આપી વિદાય કર્યા ને પેલી પોથી નર્મદાજીમાં પધરાવી દીધી.

સિત્તેર વર્ષની વયે અહલ્યાબાઈએ મહેશ્વરમાં દેહત્યાગ કર્યો. કળિયુગમાં એમના જેવા ન્યાયપરાયણ અને ધર્મપરાયણ સ્ત્રી જવ્વલે જ હોય.

રાજાઓ ભુલાઈ ગયા પણ ભક્ત અહલ્યાબાઈને આજે પણ જગત યાદ કરે છે.



# મીઠી યાદ



૧૯૯૩ની વાત છે. નીરુમા અમેરિકા હતા. એ અરસામાં એક બ્રહ્મચારી ભાઈથી દાદાના કામમાં વપરાતી ટેમ્પોનો (વેન) ભયંકર એક્સિડન્ટ થયો જેમાં ટેમ્પોનો કચ્ચરઘાણ બોલાઈ ગયો અને એમને પણ ખૂબ વાગ્યું હતું. એ વખતે નીરુમા પાસે એક જ ગાડી હતી. ધીમે ધીમે પૈસા ભેગા કરીને એ ગાડી ખરીદી હતી અને તે જ ઠોકાઈ ગઈ. એ બ્રહ્મચારી ભાઈને આનો ખૂબ અફસોસ થતો હતો કે, "મારે તો દાદાના કામમાં હેલ્પ કરવાની હોય એને બદલે આ તો બોજારૂપ થયો. આટલું મોટું નુકસાન કર્યું."

એક્સિડન્ટની જાણકારી થતાં જ નીરુમાએ એ ભાઈને ફોન કર્યો અને હિંમત આપતા કહ્યું, "તું જરાય ચિંતા ના કરીશ. તું કહે તો હું ઈન્ડિયા આવી જાઉં."

એ ભાઈએ કહ્યું, "ના, ના, આપ જગતકલ્યાણનું કામ કરો. મારા માટે પાછા ના આવો. ત્યાં કેટલા બધા લોકોને આપની જરૂર છે."

થોડા દિવસ પછી ફરી નીરુમાનો ફોન આવ્યો અને એમણે એ ભાઈને કહ્યું, "બીજી ગાડી લઈ લો."

નીરુમા અમદાવાદ પહોંચ્યા. ગાડીની ડીલિવરી લેવા જવાનો દિવસ આવ્યો. પેલા ભાઈને થયું, "હવે જિંદગીમાં ક્યારેય મારા હાથમાં ગાડી આવવાની નથી. કારણ કે એક વાર ઠોકી દીધી. હવે તો મારો ચાન્સ જ નહીં આવે. હવે પતી ગયું ." એમ વિચારી એ ભાઈ બધાની પાછળ ઊભા રહ્યા.

નીરુમાએ એમને જ બોલાવીને કહ્યું, "જા, તું ગાડી લઈ આવ."

એ ભાઈને ખૂબ નવાઈ લાગી. એમણે નીરુમાને કહ્યું, "મેં એકવાર તો ગાડીને અથડાવી દીધી અને તમે મને જ ગાડી લઈ આવવાનું કહો છો?"

નીરુમા કહે, "હા, તારે જ લેવા જવાની છે. અત્યારે જો તું નહીં ચલાવે, તો જિંદગીમાં ક્યારેય નહીં ચલાવી શકે. તારો વિશ્વાસ તૂટી જાય પછી તો. માટે અત્યારે, તું જ જા અને તું જ ચલાવીને લઈ આવ."

અને પછી ખૂબ પ્રેમથી નીરુમાએ એમને કહ્યું, "તું લઈને આવ, પછી આપણે સાંજના સાથે જમીશું અને પછી તું નીરુમાને લઈને ગાડીમાં આખો રાઉન્ડ મારવા લઈ જજે."

એક્સિડન્ટ પછી એ ભાઈનો ગાડી ચલાવવાનો આત્મવિશ્વાસ તૂટી ગયો હતો પણ નીરુમાના આવા પોઝિટિવ સપોર્ટ અને પ્રેમથી તેઓ ફરી પહેલાંની જેમ વિશ્વાસથી ગાડી ચલાવતા થઈ ગયા.

Akram Express

July 2014
Year : 6, Issue : 11
Conti. Issue No.: 71

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 31-12-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# કિડ્ઝ કેમ્પની ઝલક






<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સુચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.